Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# આંગણવાડીના અતિ કુપોષિત બાળકોની સ્થિતિ અને તેના નિવારણના ઉપાયોનો એક અભ્યાસ

**રીના વિઠ્ઠલભાઈ લોકડીયા**
એમ.ફિલ.વિદ્યાર્થી સમાજકાર્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ. અમદાવાદ
Email:reenalokadiyakala@gmail.com

## પ્રસ્તાવના

બાળક એ દેશનું ભાવિ છે. આથી જો બાળક તંદુરસ્ત હશે, તો લાંબે ગાળે દેશ પણ તંદુરસ્ત હશે, અને જો બાળક બીમાર, નબળું કે કુપોષિત હશે તો પૂરા દેશના સ્વાસ્થ્ય પર તેની અસર પડશે. આપણાં બંધારણમાં આપણને તંદુરસ્ત જીવન જીવવાનો મૂળભૂત અધિકાર પ્રાપ્ત થયેલો છે. પરંતુ બાળક પોતાના હકો ભોગવી શકે તેટલું પરિપક્વ ન હોવાથી, બાળકની સારસંભાળ અને ઉછેર માટે વિવિધ સામાજિક સંસ્થાઓ જવાબદાર છે. આમ, બાળકની સારસંભાળ અને તંદુરસ્તી માટે માત્ર કુટુંબ સંસ્થા જ જવાબદાર નથી પરંતુ સમાજ અને સરકાર પણ એટલા જ જવાબદાર છે. આપણી સમાજ વ્યવસ્થામાં દરેક સંસ્થાની જવાબદારી સારી રીતે વહેંચાયેલી છે. જેમ કે કુટુંબની જવાબદારી તો કે બાળ ઉછેર, પોષણ સંબંધિત બાબતો વગેરે, બાળ ઉછેરમાં સમાજની જવાબદારી જોઈએ તો સામાજિક મૂલ્યો, ધારા-ધોરણો શીખવવા. એવી જ રીતે સરકારની જવાબદારી સારી આરોગ્ય વ્યવસ્થા, શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડવી વગેરે બાબતો. પરંતુ જો આમાનું કઈ પણ છૂટે તો તેની અસર બાળવિકાસ અને બાળ આરોગ્ય પર પડે છે અને તેની અસર અંતે પૂરા રાજ્ય અને દેશ પર પણ દેખાય છે. આથી બાળકનો યોગ્ય વિકાસ, તેમને સારું પોષણ મળી રહે, સારું શિક્ષણ મળે તે જોવું ખૂબ જ જરૂરી છે. પરંતુ બાળકના આરોગ્યની કાળજી લેવાની બાબતમાં ક્યાંક આપણે ચૂકી ગયા છીએ એવું ગુજરાત, ભારત અને વૈશ્વિક કુપોષણના આંકડાઓ જોઈને સંશોધકને લાગે છે.

**ગ્લોબલ ન્યુટ્રીશન રીપોર્ટ** પ્રમાણે જગતના કુલ કુપોષિત બાળકો પૈકી ૪૦ ટકા એકલા ભારતમાં છે, જયારે ભારતમાં વિકસિત રાજ્ય ગુજરાતમાં ૨૦૧૩-૧૪ માં કુલ બાળકો પૈકી પાંચ વર્ષથી નીચેના ૪૨ ટકા બાળકો કુપોષિત નોંધાયા હતા. રીપોર્ટમાં ૫૦ ટકા સાથે ઉતરપ્રદેશ સૌથી પહેલું રાજ્ય છે, જયારે ૧૯ ટકા સાથે કેરળ સૌથી છેલ્લું રાજ્ય છે. એટલે કે કેરળના બાળકો સૌથી વધારે તંદુરસ્ત છે. આ રીપોર્ટ દર વર્ષે વોશિંગ્ટન સ્થિત ઇન્ટરનેશનલ ફૂડ પોલીસી રીસર્ચ દ્વારા બહાર પાડવામાં આવે છે.

**ટેલીગ્રાફ ઇન્ડિયા ન્યુઝ** મુજબ 2009 માં દેશમાં રસીકરણના કવરેજ 61 ટકાથી વધીને 65.2 ટકા થયું હતું, જ્યારે ગુજરાતમાં 56.6 થી 56.2 ટકાનો ઘટાડો થયો હતો. અમદાવાદમા ખૂબ જ મોટી મોટી હોસ્પિટલો આવેલી છે, એશિયાની સૌથી મોટી એવી સિવિલ હોસ્પિટલ પણ અમદાવાદમા આવેલી છે, તેમજ વિશ્વભરની વિખ્યાત શૈક્ષણિક સંસ્થાઓ પણ ગુજરાતમાં છે, લોકો શિક્ષિત થયા છે, આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે, એમ છતાં કુપોષણમાં કોઈ ફરક જોવા

**મળતો નથી. ભારત એ વિશ્વના ૨૩.૪ % ભૂખમરાથી પીડાતા લોકોનું ઘર છે, 51% સ્ત્રીઓ એનિમિક છે: (યુએન અહેવાલ).**

**ભારત હંગર રીપોર્ટમાં ૧૧૯ માંથી ૧૦૦ માં ક્રમાંકે છે,** જે વિશ્વના ગરીબ દેશો નેપાળ, બાંગલાદેશ અને શ્રીલંકા કરતા પણ પાછળ છે. પાકિસ્તાન અને અફઘાનીસ્તાન જેવા પછાત દેશોનો ક્રમાંક (101 અને 102) ભારત કરતા આગળ છે. જે ભારતીય નાગરિકો માટે ગંભીર બાબત છે. આમ, જ્યાં સુધી ભારતમાં ગરીબી, ભૂખમરો, બેરોજગારી અને સૌથી અગત્યની બાબત જાગૃતતાનો અભાવ દૂર નહીં થાય ત્યાં સુધી કુપોષણ ને દૂર કરવું ખૂબ કાઠું કામ છે. કુપોષણની સીધી કે આડકતરી અસર બાળકના માત્ર શરીર પર ન થતાં, તેમના બૌધ્ધિક, ભાવનાત્મક, સર્જનાત્મક વગેરે વિકાસ પર થવાની સંભાવના પણ રહેલી છે.

**વર્લ્ડ ફૂડ સિક્યુરિટી એન્ડ ન્યુટ્રીશનના** જણાવ્યા મુજબ વિશ્વમાં 2017 માં વૈશ્વિક ભૂખમરાનો આંકડો વધ્યો છે. વર્ષ ૨૦૧૫ માં *777* મિલિયનથી વિશ્વમાં કુપોષણવાળા લોકોની સંખ્યા 2016 માં અંદાજે 815 મિલિયન જેટલી થઈ છે. આ અહેવાલમાં જણાવાયું છે કે "ભારત એ 190.7 મીલીયન ભૂખમરાથી પીડાતા લોકોનું ઘર છે". તેમાંથી કુલ વસ્તીની 14.5% વસ્તી ભૂખમરાથી પીડાય છે.

વૈશ્વિક ભૂખ અનુક્રમણિકા અનુસાર, દક્ષિણ એશિયામાં વૈશ્વિક પ્રદેશો કરતાં બાળ કુપોષણનો દર સૌથી ઊંચો છે. ભારતમાં દર વર્ષે 5.6 મિલિયન બાળકો મૃત્યુને ભેટે છે, જે વિશ્વની કુલ સંખ્યાના અડધા કરતાં વધુ થાય છે. ભારતમાં અડધા બાળકો ઓછું વજન ધરાવે છે,જે વિશ્વમાં સૌથી ઊંચો દર છે અને સબ-સહરા આફ્રિકા કરતાં લગભગ બમણો છે. **Comprehensive Nutrition Survey in Gujarat (CNSG, 2014):** ના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં દર વર્ષે ૧૨ લાખ બાળકો જન્મે છે. જેમાંથી ૧૦.૪% બાળકો ઉંચાઈના પ્રમાણમાં ખુબ જ પાતળાં છે, જે પણ કુપોષણ નો એક ભાગ છે.

**નમૂના પસંદગી:**

સંશોધકે અમદાવાદ શહેરના નવા પશ્ચિમ ઝોન વિસ્તારના ૪ વોર્ડ્સની તમામ (૧૦૦%) આંગણવાડીના અતિ કુપોષિત (લાલ) બાળકોને નમૂના તરીકે પસંદ કર્યા હતા. કુલ સંખ્યા ૧૧૪ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ગ્રોથ ચાર્ટ પ્રમાણે જે બાળક અતિકુપોષિત હોય તેવા તમામ ૩ થી ૬ વર્ષના બાળકોને અભ્યાસમાં સમાવ્યા છે. બાળકોના વિકાસને જાણવા માટે કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા હતા, આ ઉપરાંત અતિ કુપોષિત બાળકોની માતાઓ અને કાર્યકર બહેનોના ઇન્ટરવ્યુ પણ લીધેલા છે.

**અભ્યાસના હેતુઓ:**

૧. બાળકો અતિકુપોષિત કેમ થાય છે તેના કારણો શોધવા.

૨. અતિકુપોષિત બાળકોની સ્થિતિ જાણવી.

૩. કુપોષિત બાળકોના કુટુંબની આર્થિક, સામાજિક, શૈક્ષણીક સમસ્યાઓ અને માન્યતાઓ જાણવી

**અભ્યાસની ઉત્કલ્પના:**

a) બાળકના કુપોષિત થવા પાછળ તેમના ઘરની આર્થિક,સામાજિક સ્થિતિ જવાબદાર હશે.

b) બાળકના માતા-પિતાનું શિક્ષણ ઓછું હશે.

c) સરકાર અને સ્વૈચ્છિક સંગઠનના પ્રયત્નથી બાળકોનું કુપોષણ ઓછું થયું હશે.

**અભ્યાસનું મહત્વ** જોઈએ તો સંશોધન કર્યા પછી સંશોધન ઘણી સમસ્યાઓના સમાધાન માટે ઉપયોગી થશે. જેમ કે અતિ કુપોષિત બાળકોના કુપોષણ પાછળ જવાબદાર કારણો જાણવા મળ્યાં. જેથી ભવિષ્યમાં આ કુપોષણને જડમુળથી કઈ રીતે અટકાવી શકાય એ માટે આ સંશોધન ઉપયોગી થશે. ગર્ભવતી સ્ત્રીઓ,ધાત્રી માતા અને કુપોષિત બાળકો સાથે કામ કરતી આંગણવાડી કાર્યકર અને આશા વર્કર બહેનોને મદદરૂપ થશે.

**અભ્યાસના તારણો** જોઈએ **તો** બાળકના કુપોષિત થવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. જેમાં સૌ પ્રથમ જોઈએ તો બાળકની માતાના લગ્ન જો નાની ઉમરમાં થયા હોય અને બાળકને પુખ્ત વય થયા પહેલા જ જન્મ આપ્યો હોય તો એ બાળક કુપોષિત થવાની સંભાવના રહે છે. એવી જ રીતે ગર્ભાવસ્થા દરમ્યાન જો માતાએ તંદુરસ્ત ખોરાક ન ખાધો હોય તો પણ જન્મનાર બાળક કુપોષિત હોવાની વધારે શક્યતાઓ રહેલી છે.

બીજું કે બાળકને ખૂબ જ ઓછા સમય માટે માતાનું દૂધ પીવડાવ્યું હોય અથવા ઉપરી આહાર આપવાની શરૂઆત એક વર્ષ જેટલી મોદી કરી હોય અથવા બાળકને જન્મતાની સાથે જ જો માતાનું પ્રથમ દૂધ ન આપવામાં આવે તો બાળક કુપોષિત થવાની વધારે શક્યતાઓ રહેલી છે.

કેટલાક બાળકો એક કે બે વર્ષના થયા પછી પણ ઘરનું ખાવાનું ખાતા જ નથી અને બહાર નો નાસ્તો વધારે ખાય છે ત્યારે તળેલું અને મેંદાની વસ્તુ ખાઈ અને પાણી પી લે છે જેથી તેને ભૂખ લાગતી નથી. અને પરિણામે શરીર બનતું નથી. અમુક બાળકો સતત રમ્યા જ કરે છે અને ખાવાનું સમયસર ખાતા નથી આથી બાળક કુપોષિત થાય છે.

આજે પણ કેટલાય માતા-પિતા હજુ પરંપરાગત માન્યતાઓમાથી બહાર નથી આવ્યા. બાળક જો બીમાર પડે તો હોસ્પિટલ લઈ જવાની જગ્યાએ ઘરે જ દેશી દવા/ ઘરગથું ઉપાયો કરે છે. અને કેટલાક માતા-પિતા દોરા-ધાગા કરાવે છે અને બાળકને સારું થયાની રાહ જોવે છે. અછબડા નીકળે તો એવું મને કે બળિયાદેવ નામના ભગવાન છે અને તેની પુજા કરે અને અમુક ચોક્કસ સમય માટે સારું થઈ જવાની રાહ જોવે છે.

આજના સેમીમાં બાળકને પૈસા વાપરવા આપવા એ એક ફેશન સમાન બનતું જાય છે. કે હું મારા બાળકને કેટલા વધારે પૈસા આપી શકું છું. વધારે પૈસા વાપરવા આપતા માતા-પિતા ને ગૌરવ પણ થાય છે. અને તેઓ પાછા છૂટક મજૂરી કરતાં હોય છે.

બાળકના કુપોષણની અસર માત્ર શારીરિક વિકાસ પર જ થતાં, તેના વિવિધ વિકાસ પર પણ થતી જોવા મળે છે. તેમજ કુપોષિત બાળકોને જલ્દી થી કોઈ બીમારી કે માંદગીનો ચેપ લાગી જવાની સંભાવના રહેલી છે.

ઉપરોક્ત બાબત પરથી કહી શકાય કે અતિ કુપોષણ એ આજના સમયમાં સળગતો એક પ્રશ્ન છે, જેને નાથવો ખૂબ જ જરૂરી છે. કારણ કે કુપોષણની માત્ર શારીરિક અસર ન પડતાં સાથે સાથે બાળકના બૌધાત્મક, સર્જનાત્મક વગેરે જેવા વિકાસ પર પણ અસર જોવા મળે છે. અને કુપોષણ માટે કુટુંબ, આંગણવાડી અને આરોગ્ય સંસ્થા વગેરે જવાબદાર છે.

સંદર્ભસૂચિ:

a) ગ્લોબલ ન્યુટ્રીશન અહેવાલ ૨૦૧૫
b) ટેલિગ્રાફ ઈન્ડિયા ન્યુઝ
c) યુ.એન.અહેવાલ
d) હંગર રિપોર્ટ ૨૦૧૭
e) વર્લ્ડ ફૂડ સિક્યુરિટી એન્ડ ન્યુટ્રીશનલ અહેવાલ
f) સી.એન.એસ.જી. અહેવાલ ૨૦૧૪
g) વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧